નોંધણી નંબર આપવા અંગેની પ્રક્રીયામાં ફેરફાર કરવા અંગે તથા ચોક્કસ પુરાવાઓ નિર્ણિત કરવા અંગે.

**વાણિજ્યિક વેરા કમિશનરશ્રીની કચેરી**

ક્રમાંક : ગુજકા/ વેટ-૫/ ૨૦૧૧-૧૨/

પરિપત્ર ક્રમાંકઃ ૧૨૬/૧૦૭ તા: ૧/૧૨/૨૦૧૧

સંદર્ભ;(૧)નાણાંવિભાગનાતા.૧/૧૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક;(GHN-41)VAR-2011(32)/Th

**-:: જાહેર પરિપત્ર ::-**

વેટના અમલીકરણ સમયે સમગ્ર દેશના વેપારીઓના નોંધણી નંબરોની એકસુત્રતા જળવાય તે હેતુસર તા.૦૧/૧૦/૨૦૦૫ ના રોજ રાજ્યમાં નોંધાયેલ વેપારીઓના સ્થાનિક કાયદા તથા કેન્દ્રીય કાયદા અન્વયેના નોંધણી નંબરો વેટ કાયદાની જરૂરીયાત મુજબ રી-જનરેટ કરી તમામ નોંધાયેલ વેપારીઓને નવા TIN તથા CST નંબરો વેપારીઓને આપવામાં આવેલ હતા. નવા નોંધણી નંબર મેળવવા માટે વેપારી દ્વારા વેટ કાયદાની જોગવાઇઓ ધ્યાને લઇ નિયમોનુસાર જરૂરી પુરાવાઓ સહિત નોંધણી નંબર માટે અરજી કરવામાં આવે છે.જેના આધારે વેપારીને નોંધણીનંબર ઇસ્યુ કરવામાં આવે છે.વેપારીવર્ગ દ્વારા નોંધણીનંબરની પ્રક્રીયાનું વધુ સરળીકરણ કરવા,પ્રક્રીયા વધુ પારદર્શી બનાવવા,નોંધણી પ્રમાણપત્ર આપતા સમયે જામીનગીરીની રકમ નિયત કરવા,પુરાવાઓ ચોક્કસ અને મર્યાદીત કરવા તેમજ વધુ ઝડપથી નોંધણીનંબર મળે તેમ કરવા માટે વખતોવખત રજુઆત કરવામાં આવે છે.

વેપારીવર્ગ તરફથી આવેલ રજુઆતો ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે વેપારીવર્ગને ઝડપથી નોંધણી નંબર મળી રહે તે હેતુસર બંને કાયદા અન્વયેની જામીનગીરીની રકમ બાબતે તથા અરજી સાથે ચોક્કસ અને મર્યાદીત પુરાવાઓ રજુ કરવા માટે નિયમોમાં જરૂરી સુધારા કરી સંદર્ભિત પત્ર ક્રમાંક(૧)થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જે મુજબ તા.૧/૧૨/૨૦૧૧ થી નોંધણીનંબર મેળવવા માટે નીચે મુજબની પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) નોંધણીનંબર મેળવવા વેપારીએ અથવા તેઓના અધિકૃત વ્યકિતએ નિયત નમુનામાં જરૂરી જોડાણો સહિત સહી સાથે સંપુર્ણ ભરેલ અરજી કરવાની રહેશે.

(૨) કલમ-૨૨ અન્વયે નોંધણી નંબર મેળવવા માંગતા વેપારીએ અરજી સાથે અનામત રકમ તરીકે ભરેલ રૂ. ૨૫૦૦૦/-નું ચલન રજુ કરવાનું રહેશે.

(૩) નોંધણી નંબરની અરજી સાથે એકટ દીઠ નિયમોનુસાર રૂ.૧૦૦૦૦/-ની રકમ જામીનગીરી પેટે સરકારી તિજોરીમાં ભરી તેના ચલન રજુ કરવાના રહેશે.

**(૪) નોંધણી નંબર મેળવવા માંગતા વેપારીએ નોંધણી માટે જામીનગીરી તથા અનામત તરીકે નિયત કરેલ રકમ કરતાં વધુ રકમ ભરવાની રહેશે નહીં.**

(૫) નોંધણીનંબરની અરજી સાથે ધંધાના બંધારણ અનુસાર નીચે જણાવ્યા મુજબ તાજેતરના પ્રમાણિત કરેલ ફોટોગ્રાફ રજુ કરવાના રહેશે.

**માલિકી પેઢી માટે**;- માલિકનો પ્રમાણિત કરેલ ફોટોગ્રાફ,

**પ્રાઇવેટ લીમીટેડ/પબ્લીક લીમીટેડ કંપની માટેઃ**-તમામ ડાયરેકટરના પ્રમાણિત કરેલ ફોટોગ્રાફ

**પાર્ટનરશીપ ફર્મ, એચ.યુ.એફ. તથા અન્ય માટેઃ**- તમામ ભાગીદારોના પ્રમાણિત કરેલ ફોટોગ્રાફ

(૬) નોંધણી નંબર અંગેની અરજી સાથે વેપારીએ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે નીચેના પૈકી કોઇ પણ એક પુરાવો અરજી સાથે રજુ કરવાનો રહેશે.(માલિકી પેઢીના કિસ્સામાં માલિકના,ભાગીદારી પેઢીના કિસ્સામાં કોઇપણ એક ભાગીદારના,પ્રાઇવેટ લીમીટેડ/પબ્લીક લીમીટેડ કંપનીના કિસ્સામાં કોઇપણ એક ડાયરેકટરના,એચ.યુ.એફ પેઢીના કિસ્સામાં કર્તાનો ઓળખ અંગેનો પુરાવો અરજી સાથે રજુ કરવાનો રહેશે.)

- પાસપોર્ટની પ્રમાણિત નકલ
- ઇલેક્શન કાર્ડની પ્રમાણિત નકલ
- PAN કાર્ડની પ્રમાણિત નકલ
- ડ્રાઇવીંગ લાઈસન્સની પ્રમાણિત નકલ
- આધાર(UID)ની પ્રમાણિત નકલ

(૭) નોંધણી નંબરની અરજીમાં દર્શાવેલ રહેઠાણના સરનામાને પ્રસ્થાપિત કરવા નીચેના પૈકી કોઇ પણ એક પુરાવાની નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.(માલિકી પેઢીના કિસ્સામાં માલિકના,ભાગીદારી પેઢીના કિસ્સામાં કોઇપણ એક ભાગીદારના,પ્રાઇવેટ લીમીટેડ/પબ્લીક લીમીટેડ કંપનીના કિસ્સામાં કોઇપણ એક ડાયરેકટરના,એચ.યુ.એફ પેઢીના કિસ્સામાં કર્તાના રહેઠાણનો પુરાવો અરજી સાથે રજુ કરવાનો રહેશે.)

- પાસપોર્ટની પ્રમાણિત નકલ
- ઇલેક્શન કાર્ડની પ્રમાણિત નકલ

- ડ્રાઇવીંગ લાઈસન્સની પ્રમાણિત નકલ
- આધાર(UID)ની પ્રમાણિત નકલ
- પોતાના નામે અથવા પોતાના માતા-પિતાના નામે અથવા પોતાના લગ્નસાથીના નામે રહેઠાણના છેલ્લા વીજળી બિલની પ્રમાણિત નકલ.
- પોતાના નામે અથવા પોતાના માતા-પિતાના નામે અથવા પોતાના લગ્નસાથીના નામે રહેઠાણના છેલ્લા લેન્ડલાઇનના ટેલિફોન બિલની પ્રમાણિત નકલ.

(૮) અરજીમાં દર્શાવેલ ધંધાના સ્થળના પુરાવા તરીકે નીચેના પૈકી કોઇ પણ એકની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

- પોતાના નામે અથવા પોતાના માતાપિતાના નામે અથવા પોતાના લગ્નસાથીના નામે ધંધાના સ્થળ હોયતો તેની માલીકીના દસ્તાવેજની પ્રમાણિત નકલ/ધંધાના સ્થળનું મ્યુનિસિપલ કોર્પોરેશનનું અથવા નગરપાલિકા/ગ્રામપંચાયતના વેરાના છેલ્લા બિલ
- ધંધાના સ્થળની વિગતો દર્શાવતુ ગુમાસ્તાધારાનું પ્રમાણપત્ર અથવા ગ્રામપંચાયતનો દાખલો
- ધંધાના સ્થળની નોંધણી માટે સબ-રજીસ્ટ્રારશ્રી દ્વારા આપવામાં આવતી ઇન્ડેક્ષ-૨ની તાજેતરની નકલ
- ધંધાના સ્થળની મિલકત ભાડેથી લીધેલ હોય તો ભાડા કરાર/લીઝ દસ્તાવેજ અથવા સંમતિપત્ર

(૯) ભાગીદારી પેઢી/એચ.યુ.એફના કિસ્સામાં ભાગીદારીના કરાર/ડીડની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

(૧૦) પ્રાઇવેટ લીમીટેડ/પબ્લીક લીમીટેડ કંપનીના કિસ્સામાં રજીસ્ટ્રાર ઓફ કંપનીઝના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

(૧૧) વેપારીએ નિયત કરાયેલ પુરાવાઓ સિવાય અન્ય કોઇ પણ પ્રકારના પુરાવાઓ આપવાના રહેશે નહીં.

(૧૨) નોંધણીનંબર અંગેની અરજી, પ્રમાણિત પુરાવાઓ, જામીનગીરીની રકમના ચલન તથા અનામત તરીકે ભરવાની થતી રકમના ચલનની ધ્યાને લઇ નોંધણી અધિકારી દ્વારા અરજી મલ્યા તારીખથી ૩(ત્રણ) કામકાજના દિવસોમાં કામચલાઉ(પ્રોવીઝનલ) નોંધણીનંબર ઇશ્યુ કરવામાં આવશે. વેપારી વાણિજ્યિકવેરા વિભાગની વેબસાઇટ ઉપરથી કામચલાઉ નોંધણી નંબર મેળવી શકશે.

(૧૩) વેપારીએ અરજી સાથે રજુ કરેલ પુરાવાની નકલોની અસલ દસ્તાવેજો સાથે ખરાઇ કરવા માટે નોંધણી અધિકારી સમક્ષ હાજર થવાનું રહેશે. જો કોઇ વેપારી પુરાવાની નકલ સહિત અરજી

રજુ કરે તે સમયે અસલ દસ્તાવેજો રજુ કરે તો તેવા વેપારીને દસ્તાવેજોની ખરાઇ માટે ફરી હાજર થવાનું રહેશે નહીં. આવા વેપારીની અરજીની તે જ સમયે સંપુર્ણ ચકાસણી કરી ત્રણ કામકાજના દિવસોમાં કામચલાઉ નોંધણી નંબર ઇશ્યુ કરવાનો રહેશે.

**(૧૪) આકારણી અને નોંધણી બંને અલગ બાબત હોઇ કલમ-૨૧ હેઠળ નોંધણીનંબર માટે અરજી કરેલ હોય તેવા વેપારીની બિન-નોંધાયેલ સમય અંગેની કોઇ વેરાકીય જવાબદારી આવતી હોય તો આ બિન-નોંધાયેલ સમયની આકારણી નોંધણી નંબર ઇશ્યુ કર્યા બાદ સંબંધિત ઘટક કચેરીના તે કાર્યક્ષેત્રના આકારણી અધિકારી મારફ્તે હાથ ધરવામાં આવશે.**

**(૧૫) વેપારી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે કે વધુ ચકાસણી દરમ્યાન નોંધણી નંબર આપવાપાત્ર ન જણાય તો વેપારીને સાંભળીને કારણોની નોંધ કરી નોંધણી અધિકારી દ્વારા આપવામાં આવેલ કામચલાઉ નોંધણી નંબર આપ્યા તારીખથી રદ કરવામાં આવશે. તથા અરજી નામંજુર કર્યા અંગેની જાણ કરવામાં આવશે.**

(૧૬) નોંધણી અરજી બાબતે નોંધણી અધિકારી દ્વારા અરજી મલ્યા તારીખથી ૩૦ દિવસમાં નિકાલ કરવામાં ન આવે તો કાયમી નોંધણી નંબર આપોઆપ મળી ગયેલ ગણાશે.

**(૧૭) નોંધણી નંબર અંગેની અરજીઓ ઘટક કચેરીઓ માટે નિયત કરેલ સ્થળે સ્વીકારવામાં આવશે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ભાવનગર તથા રાજકોટ ખાતે વેપારીવર્ગની સુવિધા માટે ખાસ નોંધણી કેન્દ્રો ખોલવામાં આવશે.**

(૧૮) નોંધણી નંબર મેળવવા માટે જામીનગીરી તરીકે ભરપાઇ કરેલ રકમ ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા અથવા કેન્દ્રીય કાયદા મુજબ વેપારીએ ભરવાના થતા કોઇ વેરા,દંડ અથવા વ્યાજ સામે સરભર કરી શકશે નહીં.

(૧૯) કામચલાઉ નોંધણી નંબર મેળવ્યા બાદ વેપારી ફક્ત માર્ગસ્થ માલના વહન માટે જરૂરી ફોર્મ-૪૦૨, ૪૦૩ તથા ૪૦૪ મેળવવા માટે અરજી કરી શકશે.

(૨૦) વેપારીએ કરેલ અરજીના અનુસંધાને જામીનગીરી પેટે ભરપાઇ કરેલ રકમ નોંધણી તારીખથી બે વર્ષ બાદ પરત કરવાની રહેશે અથવા નીચેના પૈકી જે વહેલુ હોય તે સમયે જામીનગીરી તરીકે ભરપાઇ કરેલ રકમ પરત કરવામાં આવશે.

- વેપારી દ્વારા નોંધણી નંબર રદ કરાવવામાં આવેલ હોય ત્યારે,
- વેપારીએ કરેલ નોંધણી અરજી નામંજુર કરવામાં આવેલ હોય ત્યારે,

જામીનગીરી તરીકે ભરેલ રકમ પરત કરતા સમયે વેપારીને કોઇ વેરો,વ્યાજ અથવા દંડ ભરવાનો બાકી હોય તો તે રકમ પરત કરવાની થતી રકમમાંથી પ્રથમ સરભર કરવાની રહેશે.

(૨૧)  નામંજુર કરેલ નોંધણી નંબરની અરજી વિરુધ્ધ વિવાદ અરજી તે વિસ્તારના કાર્યક્ષેત્રની  વર્તુળ કચેરીના નાયબ વાણિજિયકવેરા કમિશનરને કરવાની રહેશે.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
વાણિજિયકવેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

**<u>નક્લ રવાના પ્રતિઃ-</u>**

૧. વાણિ્જિયક્વેરા કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રીને જાણ સારૂ.
૨. ખાસ વાણિ્જિયક્વેરા કમિશનરશ્રીના  રહસ્ય સચિવશ્રીને જાણ  સારૂ.
૩. અધિક્ વાણિ્જિયક્વેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રીને જાણ  સારૂ.
૪. સધળા વિભાગીય અધિક્/સંયુક્ત વાણિ.વેરા કમિશનરશ્રીઓને  જ્રૂરી કાર્યવાહી સારૂ.
૫. તમામ નાયબ વાણિ્જિયક્વેરા કમિશનરશ્રીઓને જ્રૂરી કાર્યવાહી સારૂ.
૬. તમામ સહાયક્  વાણિ્જિયક્વેરા કમિશનરશ્રીઓને જ્રૂરી કાર્યવાહી સારૂ.
૭. તમામ વાણિ્જિયક્વેરા અધિકારીશ્રીઓને  જ્રૂરી કાર્યવાહી સારૂ.
૮. તમામ વાણિ્જિયક્વેરા ક્ચેરીઓને જ્રૂરી કાર્યવાહી સારૂ.
૯. આ ક્ચેરીની તમામ શાખાઓને.
૧૦. દફતર શાખાને / તાલીમ શાળાને ૧૦ નક્લમાં.
૧૧. ઇ-ગવર્નન્સશાખાને ઇન્ટ્રાનેટ પર પરિપત્ર પ્રસિધ્ધ કરવા સારું.

સહી/-
(આર.બી.મંકોડી)
સંયુક્ત વાણિજિયકવેરા કમિશનર(કાયદા)
ગુજરાત રાજ્ય,અમદાવાદ